# F. Y. B.A Admission Information Booklet
# F. Y. B.A પ્રવેશાર્થીઓ માટેની માહિતી

## Online Admission Process Chart

Fill Online Form
ઓનલાઇન ફોર્મ ભરવું

⇩

Pay Admission Form Fee Rs. 20
રૂ. 20 એડમિશન ફોર્મ ફી ભરવી

⇩

Wait for merit
મેરીટ યાદીની રાહ જોવી

⇩

If your name in merit list, pay admission fee
મેરીટ યાદીમાં નામ આવે તો સત્ર ફી ઓનલાઇન ભરવી

⇩

Document verification at college
કૉલેજ પર પ્રમાણપત્રોની ચકાસણી કરાવવા આવવું

# અગત્યનું સમયપત્રક Important Dates

| | Starting Date and time | Ending date and time |
|---|---|---|
| Online form filling and modification<br>ઓનલાઇન ફોર્મ ભરવું અને સુધારા-વધારા કરવા | 31-05-2019 (10:30 am) | 11-06-2019 (06:10 pm) |
| First merit list publish and online fee payment for selected students.<br>પ્રથમ પ્રવેશ યાદી પ્રસિદ્ધિ અને પસંદ થયેલા વિદ્યાર્થીઓએ ઓનલાઇન સત્ર ફી ભરવી. | 15-06-2019 (10:30 am) | 18-06-2019 (06:10 pm) |
| Document verification for the selected students in 1st merit list.<br>પ્રથમ પ્રવેશ યાદીમાં પસંદગી પામેલા વિદ્યાર્થીઓના પ્રમાણપત્રોની ચકાસણી | 18-06-2019<br>08:30 am to 12:30 pm | 20-06-2019 |
| Second merit list publish and online fee payment for selected students.<br>બીજી પ્રવેશ યાદી પ્રસિદ્ધિ અને પસંદ થયેલા વિદ્યાર્થીઓએ ઓનલાઇન સત્ર ફી ભરવી. | 21-06-2019 (10:30 am) | 24-06-2019 (06:10 pm) |
| Document verification for the selected students in 2nd merit list.<br>બીજી પ્રવેશ યાદીમાં પસંદગી પામેલા વિદ્યાર્થીઓના પ્રમાણપત્રોની ચકાસણી | 25-06-2019<br>08:30 am to 12:30 pm | 26-06-2019 |
| Third merit list publish and online fee payment for selected students.<br>ત્રીજી પ્રવેશ યાદી પ્રસિદ્ધિ અને પસંદ થયેલા વિદ્યાર્થીઓએ ઓનલાઇન સત્ર ફી ભરવી. (જગ્યા ખાલી હશે તો) | 27-06-2019 (10:30 am) | 01-07-2019 (06:10 pm) |
| Document verification for the selected students in 3rd merit list.<br>ત્રીજી પ્રવેશ યાદીમાં પસંદગી પામેલા વિદ્યાર્થીઓના પ્રમાણપત્રોની ચકાસણી | 03-07-2019<br>08:30 am to 12:30 pm | 04-07-2019 |

**ખાસ નોંધ:**

- ઓનલાઈન ફોર્મ **11-06-2019** પછી કોઈપણ સંજોગોમાં ભરી શકાશે નહિ.
- પ્રવેશ યાદીઓની સંખ્યા ખાલી જગ્યાઓની પ્રાપ્યતાના આધારે રહેશે.
- ફોર્મ ચકાસણી વખતે જો વિદ્યાર્થીએ જો માહિતી ખોટી ભરી હશે તો પ્રવેશ ફી ભરેલ હશે છતાં પ્રવેશ રદ થવાને પાત્ર ઠરશે અને ભરેલી ફી પરત મળશે નહીં. તેથી ફોર્મમાં સાચી જ માહિતી ભરવી.

## Website

http://www.dkvjamnagar.edu.in/

# ઓનલાઇન એડમિશન પ્રક્રિયા

**૧. પ્રથમ તબક્કો: (ફોર્મ ભરવું)**

- એડમીશન ફોર્મ ભરતા પહેલા માહિતી પુસ્તિકા અવશ્ય વાંચવી
- ફોર્મ ભરતી વખતે સાચી માહિતી ભરાય તેની કાળજી રાખવી

ફોર્મમાં upload કરવાનો થતો પ્રવેશાર્થીનો ફોટો માર્કશીટમાં આવવાનો હોય, white background વાળો યોગ્ય સાઈઝ (Max 50 kb) નો ફોટો હોવો ફરજિયાત છે.

**૨. બીજો તબક્કો: (ફોર્મ ફી Rs. 20 ભરવી)**

- વિદ્યાર્થીએ પોતાના અથવા વાલીના કાયમી મોબાઈલ નંબર તથા વિદ્યાર્થીએ પોતાનું જ E-mail id થી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. (**ફોર્મ તથા ફી રીસીપ્ટ પ્રવેશાર્થીને E-mailમાં મોકલવામાં આવશે. જેથી E-mail id વિદ્યાર્થીનું પોતાનું જ હોવું ફરજીયાત છે**)
- ઉપરોક્ત માહિતી submit કર્યા બાદ મોબાઈલ તેમજ E-mail માં આવેલ OTP enter કરી રજીસ્ટ્રેશન ફી Rs. 20 ઓનલાઈન ભરવાની રહેશે.

**૩ .ત્રીજો તબક્કો: (એડમીશન ફી ભરવી)**

- જે વિદ્યાર્થીનું મેરિટ લિસ્ટમાં નામ આવે તેમણે નિયત સમય મર્યાદામાં ઓનલાઇન સત્ર ફી ભરવાની રહેશે.

**૪. ચોથો તબક્કો: (ડોક્યુમેન્ટ વેરીફીકેશન)**

- એડમિશન ફી ભરાઇ ગયા બાદ વિદ્યાર્થીએ પ્રવેશ ફોર્મમાં દર્શાવેલ નિયમો મુજબ જરૂરી પ્રમાણપત્રો સ્વ-પ્રમાણિત કરીને ક્રમ પ્રમાણે ગોઠવીને (બે નકલમાં) કૉલેજમાં ચકાસણીના હેતુથી જમા કરાવવાના રહેશે અને તેની સાથે ધોરણ-૧૨ની અસલ માર્કશીટ અને L.C. એનરોલમેન્ટ માટે જમા કરાવાના રહેશે.

**<u>પ્રવેશાર્થીઓ માટેની સૂચનાઓ</u>**

૧. અરજદારે અરજીપત્રક ઓનલાઇન જ ભરવાનું રહેશે.

૨. વર્ષ 2019-20 માં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ અંગેની સૂચનાઓ ધ્યાનથી વાંચો. બી.એ. સેમેસ્ટર-૧માં પ્રવેશ માટે નક્કી થયેલ તારીખ દરમ્યાન જ ફોર્મ ભરવાનું રહેશે. નિયત તારીખ બાદ ફોર્મ ભરી શકાશે નહિ.

૩. પસંદ પામેલ અરજદારોની મેરિટ યાદી કૉલેજ વેબસાઇટ પર મૂકવામાં આવશે. પ્રવેશ મેરિટ આધારિત જ મળશે. કોઈપણ અપડેટ માટે નિયમિતપણે કૉલેજ વેબસાઇટની મુલાકાત લેતા રહેવું.

૪. મેરિટની ગણતરી માટે ધોરણ-૧૨માં મેળવેલ ટકા જ ધ્યાને લેવામાં આવશે. જો કોઈ વિદ્યાર્થીઓની ટકાવારી સરખી હશે તેવા સંજોગોમાં ધો-૧૦ની ટકાવારી ધ્યાને લેવામાં આવશે. માર્ચ-2019 પહેલા પાસ થયેલા વિદ્યાર્થીઓના નિયમાનુસાર માર્ક્સ ઓછા કરીને મેરિટ ગણાશે. મેરીટ યાદી યુનિવર્સિટીના નિયમો મુજબ બનશે.

૫. એડમિશન શેડ્યુલમાં જણાવ્યા મુજબ, નક્કી થયેલ તારીખોમાં મેરીટ લીસ્ટ તૈયાર થશે, મેરીટમાં પસંદગી પામેલ વિદ્યાર્થીઓએ પ્રવેશ યાદીમાં દર્શાવેલ તારીખોમાં જ સત્ર ફી ભરવાની રહેશે. જો નિયત તારીખમાં વિદ્યાર્થી ફી ભરવામાં અને/અથવા ડૉક્યુમેન્ટ ચકાસણીમાં નિષ્ફળ જશે તો તેનો પ્રવેશ પરનો હક રદ ગણવામાં આવશે. આ બાબતે કોઈ લાગવગ કે અન્ય કારણ માન્ય રાખવામાં આવશે નહીં.

૬. મેરીટ યાદી પ્રમાણે પસંદગી પામતા વિદ્યાર્થીએ અરજીપત્રકની પ્રિન્ટ અને સૂચનાઓના પેજની પ્રિન્ટ આગળ-પાછળ A4 સાઇઝના પેજમાં લેવાની રહેશે. વિદ્યાર્થી અને વાલીએ અરજીપત્રક અને સૂચનાઓના પેજ પર સહી કરવાની રહેશે. એડમિશન શેડ્યુલ 2019-20માં જણાવ્યા મુજબની તારીખ અને સમયે વિદ્યાર્થીએ સહી કરેલ અરજીપત્રક અને સૂચનાઓનું પેજ, જરૂરી પ્રમાણપત્રો સાથે ચકાસણી માટે પ્રવેશ સમિતિ સમક્ષ રજૂ કરવાના રહેશે.

૭. અરજી ફોર્મમાં જો કોઈપણ પ્રકારની ખોટી માહિતી આપવામાં આવેલ હશે તો ડૉક્યુમેન્ટ ચકાસણી સમયે અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહીં, અને તે વિદ્યાર્થીની અરજી રદ ગણવામાં આવશે. જેની જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે.

**<u>અરજીપત્રક તથા એડમિશન ફી એક વખત ભરાઈ ગયા બાદ પરત આપવામાં આવશે નહીં.</u>**

૮. અરજીપત્રક સાથે વિદ્યાર્થીઓને લાગુ પડતાં નીચે જણાવેલ પ્રમાણપત્રોની સ્વ-પ્રમાણિત નકલ જોડવાની રહેશે.

a) ધો-૧૦ની માર્કશીટની નકલ (બધી).
b) ધો-૧૨ની માર્કશીટની નકલ (બધી).
c) શાળા છોડ્યા અંગેનું પ્રમાણપત્ર (LC) ની નકલ.
d) શાળા દ્વારા આપવામાં આવેલ ટ્રાયલ સર્ટીફિકેટની નકલ.
e) આધારકાર્ડની નકલ,
f) અનામત કેટેગરી (SC, ST, SEBC) અથવા અન્ય કોઈપણ કેટેગરીનો લાભ લીધેલા ઉમેદવારોએ ગુજરાત સરકારના સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ જે તે કેટેગરીના પ્રમાણપત્રોની નકલ સાથે લાવવાની રહશે અન્યથા તેમને અનામત/કેટેગરીનો લાભ મળી શકશે નહી.
g) SEBC કેટેગરીના ઉમેદવારોએ 2019-20 માટે માન્ય હોય તેવું ગુજરાત સરકારના સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ રજૂ કરવાનું રહશે.
h) શારીરિક અશક્ત/વિકલાંગ/દિવ્યાંગ વિદ્યાર્થીઓએ સિવિલ સર્જન અથવા સમકક્ષ અધિકારીએ આપેલ શારીરિક અશક્તતાનું પ્રમાણપત્ર.

i) જે વિદ્યાર્થીઓએ ધો-૧૨ની ખાનગી ઉમેદવાર તરીકે પરીક્ષા આપી છે તેમને બોર્ડનો ખાનગી ઉમેદવારની મંજૂરીનો પત્ર જોડવાનો રહેશે.

j) Gujarat Higher Secondary Education Board સિવાયના અન્ય બોર્ડના વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટિમાંથી Provisional Eligibility Certificate (PEC) કઢાવવાનું રહેશે. અરજીપત્રક ભરતી વખતે PEC નંબર નાખવો ફરજિયાત છે.

k) પ્રમાણપત્રોની ચકાસણી સમયે ધોરણ 12ની ઓરિજનલ માર્કશીટ અને શાળા છોડયાનું પ્રમાણપત્ર(LC) કૉલેજમાં જમા કરાવવાના રહેશે.

l) તાજેતરના પાસપોર્ટ સાઇઝના બે નંગ ફોટો.

ઉમેદવાર ઉપરોક્ત લાગુ પડતાં તમામ પ્રમાણપત્રો ફોર્મ વેરિફિકેશન વખતે પ્રવેશ સમિતિ સમક્ષ અસલ (ઓરિજિનલ) રજૂ કરવાના રહેશે.

૮. દરેક સત્રમાં વિદ્યાર્થીની વર્ગખંડમાં હાજરી ફરજિયાત છે.

૯. આ ફોર્મ રેગ્યુલર વિદ્યાર્થી માટે જ છે. જે વિદ્યાર્થીઓ કૉલેજમાં અભ્યાસ માટે હાજર રહી શકે તેમ નથી અને એક્સટર્નલમાં અભ્યાસ કરવા માંગે છે તેમને આ ફોર્મ ભરવાનું નથી.

૧૦. આ કૉલેજ ગુજરાતી માધ્યમની કૉલેજ છે. લેકચરનું માધ્યમ ગુજરાતી રહેશે. (અંગ્રેજી વિષય સિવાય)

૧૧. વિદ્યાર્થીઓએ વિષયો સમજી વિચારીને પસંદ કરવાના રહેશે, પાછળથી વિષય ફેરફાર કરી શકાશે નહિ. સંખ્યાને ધ્યાનમાં રાખીને વિષય પસંદગી અંગેનો આખરી નિર્ણય પ્રવેશ સમિતિનો રહેશે.

૧૨. અનામત કેટેગરીના વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારીનું જાતિ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે અન્યથા તેમને અનામતનો લાભ મળી શકાશે નહિ. ઓબીસી (બક્ષીપંચ) વિદ્યાર્થીઓએ નોન ક્રિમિલિયેર પ્રમાણપત્ર જોડેલ હશે તો જ ઓબીસી (બક્ષીપંચ) લાભ મળશે અન્યથા તેમને જનરલ ગણવામાં આવશે.

૧૩. પ્રવેશ સમિતિ સમક્ષ જરૂરી ઓરીજનલ પ્રમાણપત્રો જમા કરાવ્યા બાદ જ અરજીપત્રક સ્વીકાર્ય થશે.

૧૪. અરજીપત્રક તથા એડમિશન ફી ઓનલાઇન જ ભરવામાં આવશે. કોઈપણ પ્રકારની ફી ભરવા કે ફોર્મ જમા કરાવવા માટે કૉલેજે આવવાનું રહેશે નહીં. મેરીટ યાદીમાં નંબર આવે ત્યારબાદ જ પ્રવેશાર્થીઓએ એડમિશન શેડ્યુલમાં દર્શાવેલ તારીખે જ કૉલેજમાં પ્રમાણપત્રોની ચકાસણી કરાવવા આવવાનું રહેશે.

**અરજીપત્રક તથા એડમિશન ફી એક વખત ભરાઈ ગયા બાદ પરત આપવામાં આવશે નહીં.**

**૧૫.** જો કોઈ વિદ્યાર્થી કૉલેજના સમય દરમ્યાન અન્ય અભ્યાસક્રમ કે નોકરી કરતા હશે તો પ્રવેશ રદ થશે.

૧૬. જે વિદ્યાર્થીઓએ વર્ષ-૨૦૧૯ પહેલા ધોરણ-૧૨ ની પરીક્ષા આપી છે તેમણે કોઈપણ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતાં નથી તે મતલબનું રૂ. ૨૦ ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું કરાવીને પ્રમાણપત્ર વેરિફિકેશન સમયે સાથે લાવવાનું રહેશે.

# D K V Arts and Science College, Jamnagar.

## <u>વિદ્યાર્થીએ પ્રમાણપત્ર વેરીફિકેશન તથા ફોર્મ જમા કરાવતી વખતે કૉલેજ લઈ જવાના પત્રકોની યાદી :</u>

1. **<u>ડાઉનલોડ કરેલ એડમીશન ફોર્મ (લાગુ પડતાં નીચે દર્શાવેલા પત્રકોની સ્વપ્રમાણિત નકલ જોડવી)</u>**

ધો-૧૦ની માર્કશીટની નકલ (બધી)

A. ધો-૧૨ની માર્કશીટની નકલ (બધી)
B. શાળા છોડ્યા અંગેનું પ્રમાણપત્ર (LC) ની નકલ.
C. શાળા દ્વારા આપવામાં આવેલ ટ્રાયલ સર્ટીફિકેટની નકલ.
D. આધારકાર્ડની નકલ,
E. અનામત કેટેગરી (SC, ST, SEBC) અથવા અન્ય કોઈપણ કેટેગરીનો લાભ લીધેલા ઉમેદવારોએ ગુજરાત સરકારના સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ જે તે કેટેગરીના પ્રમાણપત્રોની નકલ સાથે લાવવાની રહશે અન્યથા તેમને અનામત/કેટેગરીનો લાભ મળી શકશે નહી.
F. SEBC કેટેગરીના ઉમેદવારોએ 2019-20 માટે માન્ય હોય તેવું ગુજરાત સરકારના સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ રજૂ કરવાનું રહશે.
G. શારીરિક અશક્ત/વિકલાંગ/દિવ્યાંગ વિદ્યાર્થીઓએ સિવિલ સર્જન અથવા સમકક્ષ અધિકારીએ આપેલ શારીરિક અશક્તતાનું પ્રમાણપત્ર.

2. **<u>ડાઉનલોડ કરેલ એનરોલમેન્ટ ફોર્મ (લાગુ પડતાં નીચે દર્શાવેલ પત્રકોની સ્વપ્રમાણિત નકલ જોડવી)</u>**

1. ધો-૧૦ની માર્કશીટની નકલ (બધી).
2. ધો-૧૨ની માર્કશીટની નકલ (બધી).
3. શાળા છોડ્યા અંગેનું પ્રમાણપત્ર (LC) ની નકલ.
4. શાળા દ્વારા આપવામાં આવેલ ટ્રાયલ સર્ટીફિકેટની નકલ.
5. આધારકાર્ડની નકલ,
6. અનામત કેટેગરી (SC, ST, SEBC) અથવા અન્ય કોઈપણ કેટેગરીનો લાભ લીધેલા ઉમેદવારોએ ગુજરાત સરકારના સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ જે તે કેટેગરીના પ્રમાણપત્રોની નકલ સાથે લાવવાની રહશે અન્યથા તેમને અનામત/કેટેગરીનો લાભ મળી શકશે નહી.
7. SEBC કેટેગરીના ઉમેદવારોએ 2019-20 માટે માન્ય હોય તેવું ગુજરાત સરકારના સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ રજૂ કરવાનું રહશે.
8. શારીરિક અશક્ત/વિકલાંગ/દિવ્યાંગ વિદ્યાર્થીઓએ સિવિલ સર્જન અથવા સમકક્ષ અધિકારીએ આપેલ શારીરિક અશક્તતાનું પ્રમાણપત્ર.

3. **<u>ડાઉનલોડ કરેલ એડમિશન ફી રીશિપ્ટ.</u>**
4. **<u>તાજેતરના પાસપોર્ટ સાઇઝના White Background વાળા બે નંગ ફોટો.</u>**

<u>નોંધ</u>: ફોર્મ સાથે જોડેલ તમામ પત્રકોના ઓરીજીનલ પ્રમાણપત્રો પણ વેરીફિકેશન માટે સાથે રાખવાના રહેશે.